ખેતરોમાં પાણી ફરી વળ્યા અને પ્રવાહમાં જેસીબી મશીન તણાઈ ગયું

નિર્માણાધીન ટાઇડલ ડેમમાં ભંગાણ

નવસારીના વિરાવળમાં પાણી ખેતરોમાં ઘૂસી જતા ભારે નુકસાનથી લોકોમાં રોષ

તંત્રની બેદરકારીના આક્ષેપ સાથે ઉગ્ર વિરોધ નોંધાતા પોલીસ કાફલો તૈનાત કરવામાં આવ્યો

નવસારીઃ નવસારી જિલ્લાના વિરાવળ ગામ નજીક રાવળીયા બાપાના મંદિર પાસે નિર્માણાધીન ટાઇડલ ડેમમાં ભંગાણ સર્જાતા આસપાસના વિસ્તારમાં ભારે નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. સતત વરસાદ અને પૂર્ણા નદીમાં આવેલા ભારે પ્રવાહના કારણે ડેમનો એક ભાગ ધસી પડતાં પાણીનો જોરદાર ધસમસતો પ્રવાહ બહાર નીકળ્યો હતો.

અચાનક સર્જાયેલી આ પરિસ્થિતિમાં મુખ્ય માર્ગ ધોવાઈ જતાં વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. પાણી ખેતરોમાં ઘૂસી જતાં ખેડૂતોની પાક સાથે ઉપજાઉ જમીનને પણ ભારે નુકસાન પહોંચ્યું હોવાનું પ્રાથમિક માહિતીમાં સામે આવ્યું છે. સ્થળ પર ચાલી રહેલી કામગીરી દરમિયાન એક JCB મશીન પણ પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ ગયું હતું.

ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા. તંત્ર સામે ભારે નારાજગી વ્યક્ત કરતાં લોકોએ જવાબદાર અધિકારીઓ સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. પરિસ્થિતિ તંગ બનતાં પોલીસને સ્થળ પર બોલાવવાની ફરજ પડી હતી અને પોલીસ દ્વારા સ્થિતિ નિયંત્રણમાં લેવા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસની માંગ

સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે ડેમના બાંધકામ અને સુરક્ષાને લઈને અગાઉ પણ અનેક વખત ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી, પરંતુ જવાબદાર તંત્ર દ્વારા સમયસર જરૂરી પગલાં લેવામાં આવ્યા ન હોવાથી આ ઘટના બની છે. ગ્રામજનોએ સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય અને નિષ્પક્ષ તપાસની માંગ સાથે જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે. હાલ સંબંધિત વિભાગ દ્વારા નુકસાનનું મૂલ્યાંકન, ડેમમાં સર્જાયેલા ભંગાણના કારણોની તપાસ અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય બનાવવા કામગીરી શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આહવા-નવાપુર માર્ગ પર પલટી ખાધા બાદ કારમાં આગ ભભૂકી

ચાલકને ઝોંકુ આવી જતા સાઇડમાં પલટી ભીષણ આગ ફાટી નીકળતા ભસ્મીભૂત થઈ ગઈ, સવારોનો બચાવ

ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા-નવાપુર માર્ગ પર આજે વહેલી સવારે કોટબા ગામ નજીક કારચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર પલટી ખાઈ ગઈ હતી અને જોતજોતામાં કારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં સદનસીબે મોટી જાનહાનિ ટળા મુસાફરોનો બચાવ થયો હતો.

મળતી વિગતો અનુસાર, MH 23 BH 9623 નંબર ધરાવતી કાર નવાપુર તરફ જઈ રહી હતી તે દરમિયાન વહેલી સવારે ચાલકને અચાનક ઝોંકુ આવી જતા કાબૂ છૂટી જતાં કાર માર્ગ પરથી નીચે ઉતરીને ઘડાકાભેર પલટી ખાઈ ગઈ હતી. અકસ્માત સર્જાયાના ઘડીકના સમયમાં જ કારમાં અચાનક આગ લાગી ગઈ હતી. આગે એટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું કે જોતજોતામાં આખી કાર આગની લપેટમાં આવીને સંપૂર્ણપણે ભસ્મીભૂત થઈ ગઈ હતી. અકસ્માત સર્જાતાં જ મુસાફરો બહાર નીકળી ગયા હતા. સદનસીબે કોઈ પ્રાણઘાતક હોનારત સર્જાઈ ન હતી, પરંતુ કેટલાકને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સે સ્થળ પર દોડી ઇજાગ્રસ્તોને સારવાર આપ્યા બાદ આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

વલસાડ હાઇવે પર સ્કોર્પિયોમાં ભીષણ આગ ભભૂકી

■ વલસાડ : વલસાડ હાઇવે પરથી કાર પસાર થઈ રહી હતી ત્યારે અચાનક બોનેટમાંથી ધુમાડો નીકળતો જણાયો હતો. જોતજોતામાં આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની ગંભીરતા સમજી કારચાલકે તરત જ ગાડીને રસ્તા કિનારે ઊભી રાખી દીધી હતી અને સુરક્ષિત રીતે બહાર નીકળી ગયો હતો. હાઇવેની વચ્ચોવચ કાર સળગી ઊઠતાં અગનજ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી જોવા મળ્યા હતા. આ ઘટનાના પગલે સુરક્ષાના ભાગરૂપે વાહનો થંભી જતાં હાઇવે પર થોડા સમય માટે ભારે ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતાં. ઘટનાની જાણ થતાં જ વલસાડ નગરપાલિકાની ફાયર ફાઇટરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવી ટૂંક સમયમાં આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો. આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હતી કે અન્ય કોઈ યાંત્રિક ખામીના લીધે, તે અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

તલાટીઓના આંદોલનથી રેવન્યુ અને ખેતીવાડીના કામો ઠપ્પ

ગ્રામજનોને પડતી હાલાકીનું ત્વરાએ નિરાકરણ લાવવા માંગ

ઘેજ : તલાટી મંત્રી મહામંડળની પડતર માંગણીઓનો ઉકેલ ન આવતા તલાટીઓ દ્વારા પંચાયત સિવાયની રેવન્યુ અને ખેતીવાડી સહિતની અન્ય કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં લોકોના અગત્યના કામો અટવાઈ પડ્યા છે.

તલાટી મંત્રી મહામંડળ દ્વારા ગત ૨ જુલાઈથી રેવન્યુ અને ખેતીવાડીને લગતી પેઢીનામા સહિતની ૫૮ જેટલી વધારાની કામગીરીનો બહિષ્કાર કરાયો છે. હાલ તલાટીઓ માત્ર પંચાયત વિભાગની જ કામગીરી કરી રહ્યા છે. ગ્રામ્ય કક્ષાએ તલાટીઓએ પંચાયત અને રેવન્યુ વિભાગના અસંખ્ય નમૂના નિભાવવાના હોય છે, અને કેટલાક તલાટીઓ પાસે બે થી ત્રણ ગામનો વધારાનો ચાર્જ હોવાથી કામગીરીનું ભારે ભારણ રહે છે.

સરકાર દ્વારા રેવન્યુ તલાટીઓની નિમણૂક કરીને સેજા પણ ફાળવી દેવામાં આવ્યા છે, પરંતુ તેઓને માત્ર મામલતદાર કચેરીમાં જ કામ સોંપવામાં આવતા ગ્રામ્ય કક્ષાએ પ્રશ્નો હલ થતા નથી.

રેવન્યુને લગતી તમામ કામગીરી રેવન્યુ તલાટીઓને અને ખેતીવાડીને સંલગ્ન કામો સંબંધિત વિભાગના કર્મચારીઓને સોંપવામાં આવે, જેથી પંચાયતના તલાટીઓનું ભારણ ઘટે. પેઢીનામા સહિતના અટવાયેલા કામો ઝડપથી પાર પડે તે માટે તંત્ર દ્વારા ત્વરિત યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી લોકઉઠતી માંગ છે.

ઉચ્ચ અધિકારીઓને રજુઆત કરી છે

ફડવેલના પૂર્વ તાલુકા સભ્ય મહેશભાઇના જણાવ્યાનુસાર રેવન્યુ અને ખેતીવાડીને લગતા કામો ન થતા અરજદારો અટવાઈ રહ્યા છે. અમે આ અંગે ઉચ્ચ અધિકારીઓને રજુઆત પણ કરી છે. ત્યારે પંચાયત અને મહેસૂલ વિભાગ દ્વારા ઝડપથી નિર્ણય લઈ પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવે તે જરૂરી છે.

નિલેશ કાપડિયા

વાંસદાના લાખાવાડીમાં લટાર મારતો દીપડો

વાંસદાઃ વાંસદા તાલુકાના લાખાવાડી ગામે રાત્રિના સમયે રહેણાંક વિસ્તાર નજીક જાહેર માર્ગ પર દીપડો લટાર મારતો જોવા મળતા ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. દીપડો ઝાડીઓમાંથી બહાર આવી માર્ગ ક્રોસ કરી રહ્યો હતો. તે દરમિયાન ત્યાંથી પસાર થતા એક વાહનચાલકે પોતાના કેમેરામાં દીપડાનો ફોટો કેદ કર્યો હતો. ઘટના બાદ ગ્રામજનોમાં ચિંતાનો માહોલ સર્જાયો છે અને રાત્રિના સમયે બહાર નીકળવામાં લોકો સાવચેતી રાખી રહ્યા છે. સ્થાનિકોએ વન વિભાગને આ વિસ્તારમાં પાંજરું મૂકીને દીપડાને પકડવાની તેમજ સતત પેટ્રોલિંગ કરી લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની માંગ કરી છે. સાથે જ ગ્રામજનોએ લોકોને રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા અને દીપડો દેખાય તો તરત જ વન વિભાગને જાણ કરવા જણાવ્યું છે.

નવસારીમાં કુરિયરના બહાને બે મહિલા 1.40 લાખના દાગીના ઠગી ફરાર

બેંક પાસે રોકડ પાર્સલ કુરિયર કરવાના બહાને વિશ્વાસમાં લઈ દાગીના સેરવી લીધા

નવસારીઃ નવસારી શહેરમાં ઠગ ટોળકીઓ દ્વારા નવા-નવા કિમિયા અપનાવી લોકોને નિશાન બનાવવાના બનાવો વધી રહ્યા છે. નવસારી ટાઉન પોલીસ મથક વિસ્તારમાં બે અજાણી મહિલાઓએ કુરિયર કરાવવાનું બહાનું બનાવી એક મહિલાને વિશ્વાસમાં લઈ રૂપિયા ૧.૪૦ લાખના સોનાના દાગીના કથિત રીતે પડાવી લીધા હોવાની ઘટના સામે આવી છે. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ ફરિયાદ મુજબ, જશુબેન સુરેશભાઈ મકવાણા દુધિયા શાકભાજી માર્કેટ ખાતે રામજી મંદિર કોમ્પ્લેક્સમાં આવેલી બેંક ઓફ બરોડાની સીડીઓ પાસે હાજર હતા.

તે દરમિયાન અશરે ૨૫ વર્ષની યુવતી અને ૫૦ વર્ષની એક મહિલા તેમની પાસે આવી હતી. બંનેએ રોકડ રકમથી ભરેલું પાર્સલ કુરિયર કરવાનું હોવાનું જણાવી વાતચીત કરી વિશ્વાસ સંપાદિત કર્યો હતો.

ત્યારબાદ દાગીના સુરક્ષિત રાખવાના બહાને જશુબેનના ગળામાં પહેરેલી અંદાજે એક તોલાની સોનાની ચેઈન તેમજ કાનની સોનાની કડીઓ ઉતરાવી લીધી હતી.

દાગીનાની જગ્યાએ રૂમાલની ગાંઠ આપી બંને મહિલાઓ ફરાર થઈ ગઈ હતી. થોડા સમય બાદ ગાંઠ ખોલતાં તેમાં દાગીના નહીં પરંતુ ખાલી રૂમાલ નીકળતા છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું.

આ બનાવમાં કુલ રૂપિયા ૧.૪૦ લાખના દાગીનાની ઠગાઈ થઈ હોવાની ફરિયાદ નોંધાતા પોલીસે બીએનએસની કલમ ૩૧૮(૪) અને ૫૪ હેઠળ ગુનો નોંધી અજાણી મહિલાઓને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે. તેમજ નાગરિકોને અજાણ્યા લોકોની વાતોમાં ન આવવા સાવચેત રહેવા અપીલ કરી છે.

બીલીમોરામાં પારસી સમાજના મુક્તાદનાં દિવસોનો પ્રારંભ

સ્વર્ગસ્થ સ્વજનોનાં આશીર્વાદ માટે દુઆ પ્રાર્થના શરૂ કરાઇ

કેરસી બારીયા

બીલીમોરા : પારસી સમાજનાં કેલેન્ડર અનુસાર બુધવારે મુક્તાદનાં દિવસોનો પ્રારંભ થયો હતો. પારસી અગિયારીમાં જર્મન સિલ્વર કળશને રંગબેરંગી ફૂલોથી સજાવી વિધિવિધાન અનુસાર મુક્તાદ મંડાયા હતા.

ભારતીય સંસ્કૃતિમાં દૂધમાં સાકરની જેમ ભળી જનાર પારસી સમાજે પ્રેમ અને સેવા ભાવના થકી સહુના દિલમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જે પ્રમાણે હિન્દુ ધર્મમાં શ્રાદ્ધ પક્ષ આવે છે તેમ પારસી સમાજમાં પણ પૂર્વજોના આશીર્વાદ અમીદ્રષ્ટિ પ્રાપ્ત કરવા મુક્તાદ મનાવવામાં આવે છે. મુક્તાદનાં છેલ્લા પાંચ દિવસ ગાથાનાં હોય છે. મુક્તાદમાં પોતાના સ્વર્ગસ્થ સ્વજનોની યાદમાં અગિયારીમાં જર્મન સિલ્વર કળશને રંગબેરંગી ફૂલોથી સજાવવા માં આવે છે. દસ્તુરજી (ધર્મગુરુ) અફરગાન ફરોક્ષી તથા સતુમની ધાર્મિક ક્રિયાનું પઠણ કરે છે. પારસી સમાજમાં આ મુક્તાદના ૧૦ દિવસો દરમિયાન તેમના સ્વર્ગસ્થ સ્વજનો તેમના ઘરના સભ્યોની આસપાસ આવીને રહેતા હોવાની માન્યતા છે. પરીવારના દરેક સભ્યો તેમનાથી કોઈ ભુલ થઈ ગઈ હોય તો તે માટે ક્ષમા પ્રાર્થના કરે છે. અને મુશ્કેલીમાં તેમના પિતૃઓના આશીર્વાદ મળી રહે તે માટે દુવા અર્ચના કરે છે. દસ્તુરજી મુક્તાદમાં સતુમની ધાર્મિક ક્રિયા વેળા મીઠી વાનગી ધરાવે છે. અફગાન ફરોક્ષીમાં ફળ મૂકી પ્રાર્થના કરવામાં આવે છે. દરરોજ બપોરે અને સાંજે સ્વજનોને જમવાનું ધરાવવામાં આવે છે. તેમજ પયંગમ્બર અશો જરથુસ્ત સાહેબને પ્રાર્થના પૂજન કરી ૧૦ દિવસ દુવા માંગવામાં આવે છે. બીલીમોરા અગિયારીમાં બુધવારે અસ્ફદામર્દ મહિનો અને આસ્તાદ રોજ દસ્તુરજી ફુરુષ સિધવા (ધર્મ ગુરુ)એ ધાર્મિક વિધિ પઠન સાથે મુક્તાદની વિધિનો પ્રારંભ કર્યો હતો. અહીં ૮ છુટ્ટી ટેબલ અને એક અંજુમનની ટેબલ ઉપર જર્મન સિલ્વર કળશને મૂકી રંગબેરંગી ફૂલોથી સજાવવામાં આવ્યા હતા. પિતૃ આશીર્વાદ સાથે ૧૧'માં દિવસે પારસી સમાજ નવાવર્ષ પતેતી પર્વની ઉજવણી કરશે.

હાઇકોર્ટના નવા પરિપત્રનો વલસાડ જિલ્લાના બાર એસો. દ્વારા વિરોધ

A-4 સાઇઝ અને કોમ્પ્યુટરાઇઝડ અરજીઓના નિર્ણય સામે આવેદનપત્ર પાઠવ્યું

પારડી કોર્ટના વકીલોએ હડતાળ પાડી

અમૃત પટેલ

વલસાડ, પારડી : ગુજરાત હાઇકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્ર સામે વલસાડ જિલ્લાના વકીલોએ બુધવારે કોર્ટના કામકાજથી અળગા રહી વિરોધ દર્શાવ્યો હતો. બધા વકીલ મંડળોએ એક સાથે પરિપત્રનો વિરોધ કર્યો હતો. નવા નિયમ મુજબ તમામ પ્રકારની અરજીઓ માત્ર A-4 સાઇઝના કાગળ પર અને 'લોહિત' (Lohit) ફોન્ટમાં કોમ્પ્યુટરાઇઝડ સ્વરૂપે જ રજૂ કરવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે, જેની સામે એસોસિએશને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે.

આ નિર્ણયના વિરોધમાં વલસાડ જિલ્લાના બાર એસોસિએશને એકસૂર થઈ આજે વિરોધ પ્રદર્શન કર્યું હતું અને ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સહિત અનેક સ્તરે વિસ્તૃત રજૂઆત કરી હતી. આવેદનપત્રમાં મુખ્યત્વે જણાવવામાં આવ્યું હતું કે વલસાડ જિલ્લા સહિત રાજ્યના આદિવાસી અને અંતરિયાળ વિસ્તારોમાં હજુ પણ કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઇન્ટરનેટ અને અન્ય ટેકનિકલ સાધનોનો પૂરતો અભાવ છે. આવી સ્થિતિમાં ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારના વકીલો તેમજ સામાન્ય અસીલો માટે આ નવી ટેકનિકલ વ્યવસ્થા તાત્કાલિક અપનાવવી અત્યંત કઠિન બની રહેશે.

બાર એસોસિએશને જણાવ્યું છે કે આ જોગવાઈના કારણે સામાન્ય અને ગરીબ અસીલો પર વધારાનો આર્થિક બોજ પડશે અને ન્યાય મેળવવાની પ્રક્રિયામાં અનાવશ્યક વિલંબ થશે. આ વ્યવસ્થાથી ગરીબ જનતા માટે ન્યાયના દરવાજા સુધી પહોંચવું વધુ મુશ્કેલ બનશે, જેથી વકીલો અને અરજદારોના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને આ પરિપત્રમાં જરૂરી સુધારા-વધારા કરવામાં આવે અથવા યોગ્ય છૂટછાટ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

પારડી સિવિલ કોર્ટમાં પ્રેક્ટિસ કરતા 50થી વધુ વકીલો આજે હડતાલ પર ઉતર્યા હતા. આજના આ વિરોધ પ્રદર્શન અને હડતાલના કારણે પારડી કોર્ટમાં કાનૂની કામકાજ ખોરવાઈ ગયું હતું.

નવસારીમાં NRI દંપતી સાથે રૂપિયા 1.94 કરોડની છેતરપિંડી

LIC અને પોસ્ટના એજન્ટે ખોટા દસ્તાવેજો બનાવી લાખો રૂપિયા સેરવી લીધા

નવસારી : નવસારીમાં અમેરિકામાં વસતા એક એનઆરઆઈ દંપતી સાથે રૂપિયા 1.94 કરોડની કથિત છેતરપિંડીનો ગંભીર મામલો સામે આવ્યો છે. LIC અને પોસ્ટ વિભાગના અધિકૃત એજન્ટ તરીકે કાર્યરત સુરેન્દ્રકુમાર ગાંધી સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાઇ છે.

ફરિયાદી ધર્મેશકુમાર ઉર્ફે ધનસુખલાલના જણાવ્યા મુજબ, વર્ષ 1996થી પરિચિત આરોપીએ સરકારી બચત યોજનાઓમાં રોકાણની ખાતરી આપીને વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ LICની 56 પોલિસીઓ તેમજ પોસ્ટ વિભાગની યોજનાઓમાં રોકાણ કર્યું હતું. ફરિયાદમાં આરોપ છે કે તેમની જાણ બહાર ખોટી સહીઓના આધારે LIC પોલિસીઓ સામે લોન લેવામાં આવી અને બેંકોમાં ખોટા ખાતાં ખોલાવી રૂપિયા 1.30 કરોડની રકમ ઉપાડી લેવામાં આવી હતી. પોસ્ટ વિભાગની બચત યોજનાઓમાં પણ કથિત ગેરરીતિ કરીને 64.50 લાખની ઉચાપત કરી હોવાનું જણાવાયું છે. વર્ષ 2026માં ફરિયાદી ભારત આવ્યા ત્યારે રોકાણની ચકાસણી દરમિયાન સમગ્ર મામલો બહાર આવ્યો હતો. ત્યારબાદ નવસારી શહેર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી દસ્તાવેજો, બેંક વ્યવહારો અને નાણાકીય લેવડદેવડની તપાસ શરૂ કરી છે.

ચીખલીના સારવણી ગામમાં દીપડો જોવા મળતા સ્થાનિકોમાં ડરનો માહોલ

ઘેજ : ચીખલી તાલુકાના છેવાડાના સારવણી ગામમાં દીપડો લટાર મારતો જોવા મળતા સ્થાનિકોમાં ડરનો માહોલ ફેલાયો છે.

સારવણી ગામના વિઠ્ઠલવાડી વિસ્તારમાં રાત્રિ દરમ્યાન દીપડો લટાર મારતો જોવા મળતા અને તેનો વીડિયો ગામમાં ફેલાતા લોકોની ચિંતા વધવા પામી છે. ત્યારે વન વિભાગ દ્વારા આ વિસ્તારમાં પાંજરું ગોઠવવામાં આવે તે જરૂરી છે.

ધર્મેશ પટેલ

ગણદેવી નગરપાલિકા, ગણદેવી

ગણદેવી નગરપાલિકા, જિ.નવસારી
ઈ - ટેન્ડર નોટીસ (બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા સરકાર માન્ય ઈજારદારો પાસેથી નગરપાલિકાની વિકેન્દ્રિત ગ્રાંટ (૨૦૨૬-૨૭) માંથી ગણદેવી નગરપાલિક વિસ્તારમાં આવેલ કડીયાવાડ, કસ્બાવાડી તથા વિવિધ વિસ્તારમાં પેવર બ્લોક નાખવાનાં કામ માટે ગણદેવી નગરપાલિકા ગણદેવી, જિ.નવસારી દ્વારા ઈ-ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવે છે. જે ભાવો આ વેબસાઈટ ઉપર જોવા મળશે. (https://tender.nprocure.com અને www.statetenders.gujarat.gov.in)

૧. બીડ ડોક્યુમેન્ટ ડાઉનલોડીંગ	: તા. ૦૬/૦૮/૨૦૨૬ ને ૧૧.૦૦ કલાકેથી
૨. ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	: તા. ૧૫/૦૮/૨૦૨૬ ને ૧૮.૦૦ કલાક સુધી
૩. ઈ-એમડી,ટેન્ડર ફી અને ડોક્યુમેન્ટ મોકલવાની છેલ્લી તારીખ	: તા. ૨૦/૦૮/૨૦૨૬ સુધીમાં ૧૮.૦૦ કલાક સુધી ચીફ ઓફિસર ગણદેવી રજી.એડી અથવા સ્પીડ પોસ્ટથી મોકલવું.
૪. પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ	: તા. ૨૫/૦૮/૨૦૨૬ ને૧૧.૦૦ કલાકે

કોઈપણ કારણોસર ટેન્ડર મંજુર અને નામંજુર કરવાની સત્તા ચીફ ઓફિસર, ગણદેવી નગરપાલિકાને આબાધિત રહેશે.

પિનાકીન પી. પંડયા	અનિતાબેન ડી. ભંડારી	પ્રાચી પી. દોશી
કારોબારી ચેરમેન	પ્રમુખ	ચીફ ઓફિસર
ગણદેવી નગરપાલિકા	ગણદેવી નગરપાલિકા	ગણદેવી નગરપાલિકા

માહિતી/નવસારી/૨૨૭/૨૦૨૬